જા.ક્ર.મા-૧/૨૦૨૬/ 2749

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૬/૦૨/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની જાહેર રજાઓની તારીખોમાં ફેરફાર બાબતના પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૦૯૯-૧૧૩૩, તા.૨૫/૦૨/૨૦૨૬ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/1099-1133
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.25/02/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2025-26ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની જાહેર રજાઓની તારીખોમાં ફેરફાર બાબત.

સંદર્ભ:- 1. અત્રેની કચેરીનો તા.૦૮/૦૪/૨૦૨૫નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૦૯૫-૧૧૪૧.

2. સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરનું તા.૨૭/૧૧/૨૦૨૫ GS/22/2025/JSR/2025/509/GH નું નોટિફિકેશન.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન લેવામાં આવનાર શાળાકીય પરીક્ષાની તારીખની વિગતો, પ્રથમ અને દ્વિતીય સત્રના શૈક્ષણિક કાર્ય દિવસો, વેકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની જાહેર પરીક્ષાની વિગતો દર્શાવવામાં આવે છે. ઉક્ત કેલેન્ડરમાં જાહેર રજાઓની યાદીની નીચે આ મુજબની નોંધ દર્શાવેલ છે. 'જાહેર રજાઓની તારીખમાં સરકારશ્રી દ્વારા કોઇ ફેરફાર કરવામાં આવે તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.'

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની વિગતો તા.૦૮/૦૪/૨૦૨૫ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૦૯૫-૧૧૪૧થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલી આપવામાં આવેલ હતી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં જાહેર રજાઓની વિગતો નીચે મુજબ દર્શાવેલ હતી.

| ક્રમ | તારીખ | વાર | તહેવાર | રજાના દિવસ |
|---|---|---|---|---|
| 1 | તા.03/03/૨૦૨૬ | મંગળવાર | ધૂળેટી | ૦૧ |
| 2 | તા.૨૦/03/૨૦૨૬ | શુક્રવાર | ચેટીચાંદ/રમઝાન ઇદ | ૦૧ |
| 3 | તા.૨૭/03/૨૦૨૬ | શુક્રવાર | રામનવમી | ૦૧ |

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 2871
તારીખ :- 27-2
અવક :- 26/02

સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા તા.૨૭/૧૧/૨૦૨૫ના નોટિફિકેશન GS/22/2025/JSR/2025/509/GH થી વર્ષ ૨૦૨૬ની જાહેર રજાઓની તારીખ જાહેર કરવામાં આવેલ છે. જેમાં સદર જાહેર રજાઓની તારીખો નીચે મુજબ દર્શાવેલ છે. જેનો અમલ કરવાનો રહેશે.

| ક્રમ | તારીખ | વાર | તહેવાર | રજાના દિવસ |
|---|---|---|---|---|
| 1 | તા.૦૪/૦૩/૨૦૨૬ | બુધવાર | ધૂળેટી | ૦૧ |
| 2 | તા.૧૯/૦૩/૨૦૨૬ | ગુરુવાર | ચેટીચાંદ | ૦૧ |
| 3 | તા.૨૧/૦૩/૨૦૨૬ | શનિવાર | રમઝાન ઇદ | ૦૧ |
| ૪ | તા.૨૬/૦૩/૨૦૨૬ | ગુરુવાર | રામનવમી | ૦૧ |

ઉપરોક્ત દર્શાવેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની જાહેર રજાઓની તારીખોમાં થયેલ ફેરફાર અંગેની વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સવિનય નકલ રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર .

C:\Users\admin\Desktop\કેલેન્ડર લેટર 25 2 26.docx